**જુનાગઢ જી.યુ.વી.એન.એલ.પોલીસ સ્ટેશન સમરી કેસ નં.૮૭૫ /૨૦૨૨**
**હેઠળ હુકમ :—**

---

હાલનો કેસ આજરોજ નેશનલ લોક અદાલતમાં મુકવામા આવેલ છે જેમાં પીજીવીસીએલ ના અધિકારીશ્રીઓ હાજર છે અને તેમની રૂબરૂમાં આ કેસ નિકળતાં આરોપીનો પ્રથમ ગુનો છે. અને તેઓએ આરોપી સામે નોંધાયેલ ફરીયાદ મુજબની બીલ વિગેરેની રકમ ભરપાઈ કરી દીધેલ હોય, આ સમરી કેસ ફરીયાદ પક્ષે માંડવાળ કરવા વાંધો નથી જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**— : : હુકમ: :—**

જુનાગઢ જી.યુ.વી.એન.એલ. ધ્વારા ગ્રાહક/બિન ગ્રાહક ઉપર વિજચોરી સબંધે ધી ઈલેકટ્રીકસીટી એકટ – ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબની આ કિસ્સામાં ફરીયાદ નોંધવામાં આવેલી.આ કાયદાની કલમ ૧૫૨ મુજબ જો ગુનો પ્રથમ વારનો હોય અને ગ્રાહક વિજચોરીની રકમ ભરવા તૈયાર હોય તો આ કાયદાની કલમ—૧૫૨ હેઠળ માંડવાળ કરવા પાત્ર છે.જુનાગઢ જી.યુ.વી.એન.એલ.આરોપી સામે ધી ઈલેકટ્રીસીટી એકટ – ૨૦૦૩ ની કલમ —૧૩૫—એ હેઠળ વિજચોરી અંગેની એફ.આઈ.આર.નં.સેકન્ડ ૧૬૧૯/૨૦૨૦ થી જુનાગઢ જી.યુ.વી.એન.એલ.પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલી છે.

ત.ક.અમલદારના ક્રિ.પો.કોડની કલમ—૧૭૩ ના આખરી અહેવાલ મુજબ વિજચોરી તથા કમ્પાઉન્ડીગ ચાર્જ આરોપીએ કંપનીમાં ભરપાઈ કરી દીધેલ છે.આરોપીનો આ પ્રથમ વારનો ગુનો છે.

સબબ ધી ઈલેકટ્રીકસીટી એકટ—૨૦૦૩ ની કલમ—૧૫૨(૩) હેઠળ જયારે ફરીયાદ પક્ષે સમરી મંજુર કરવા સામે વાંધો ન હોય કોગ્નીઝન્સ લેવાની જરૂરીયાત ન હોય, માંડવાળ કરવામાં આવે છે.

તારીખ :— ૨૬/૦૬/૨૦૨૨ **( પી.જી.ગોકાણી )**
સ્થળ :— વેરાવળ ઈ.ચા.બીજા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ગીર—સોમનાથ એટ વેરાવળ
કોડ નં.જીજે—૦૦૧૩૨